**ફોજદારી કેસ નં.પ૨૪૮૧/૨૦૨૫ ના કામે આંક–1 લગત હુકમ :–**

૧) સાંભળ્યા, કેસનું રેકર્ડ વંચાણે લેતા ક્રિમીનલ પ્રોસીજર કોડ, 1973 ની કલમ–154 મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફસ્ટૅ ઇન્ફોર્મેશન રીપોર્ટ (એફ.આઇ.આર)નાં અનુસંધાને તપાસ કરનાર અધિકારીએ તપાસનાં અંતે આ કામનાં આરોપી વિરુધ્ધ મોટર વ્હીકલ એક્ટની કલમ–185 તથા ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-66(1)(બી) હેઠળ સજાપાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨) ક્રિમીનલ પ્રોસીજર કોડ, 1973 ની કલમ–4 મુજબ ભારતનાં ફોજદારી અધિનિયમ અને બીજા કાયદા અન્વયેનાં ગુનાઓની ઇન્સાફી કાર્યવાહી બાબતે જોગવાઇ કરવામાં આવેલ છે અને કલમ–4(2) મુજબ બીજા કોઇ કાયદા અન્વયેનાં તમામ ગુનાઓની પોલીસ તપાસ, ઇન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી જો તે કાયદાઓમાં જોગવાઇ કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા સદર અધિનિયમની કલમ–4 મુજબ કરવાની રહે છે. હાલનાં કેસમાં મોટર વ્હીકલ એક્ટની જોગવાઇઓને ધ્યાનપૂર્વક વંચાણે લેવામાં આવે તો તેમાં ગુનાઓની પોલીસ તપાસ, ઇન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી બાબતે કોઇ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ નથી જેથી ક્રિ.પ્રો.કોડની કલમ–4(2) મુજબ કાર્યવાહી કરવાની થાય છે. મોટર વ્હીકલ એક્ટની કલમ–185 હેઠળ સજાપાત્ર ગુના સંદર્ભે પ્રથમ વખતનાં ગુના માટે છ માસ સુધીની સાદી કેદની સજા અથવા દસ હજાર રૂપિયાનો દંડ અથવા બંને, બીજા અને ત્યારપછીનાં ગુના બદલ બે વર્ષ સુધીની સજા અથવા પંદર હજાર રૂપિયાનો દંડ અથવા બંને તે રીતે જોગવાઇ કરવામાં આવેલ છે. મોટર વ્હીકલ એક્ટની કલમ–185 હેઠળ આચરવામાં આવતો ગુનો કોગ્નીઝેબલ છે કે નોન–કોગ્નીઝેબલ છે તે અંગે કોઇ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ નથી જેથી સદર ગુનો કોગ્નીઝેબલ છે કે નોન–કોગ્નીઝેબલ છે તે નક્કી કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડ, 1973 નાં શીડ્યુઅલ–1 નાં ભાગ–2, ક્રમાંક–3 માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ જે ગુનામાં ત્રણ વર્ષથી ઓછી મુદ્દતની કેદની સજા અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોય તો તે નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય છે અને તેથી મોટર વ્હીકલ એક્ટની કલમ–185 મુજબનાં શિક્ષાને પાત્ર ગુનો પણ નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય. આ સંદર્ભે મોટર વ્હીકલ એક્ટની કલમ-202 ની જોગવાઇ ધ્યાને લેવી આવશ્યક જણાતી હોય તે નીચે મુજબ છે.

**Section-202: Power to arrest without warrant**

(1) A police officer in uniform may arrest without warrant any person who in his presence commits an offence punishable under section 184 or section 185 or section 197: Provided that any person so arrested in connection with an offence punishable under section 185 shall, within two hours of his arrest, be subjected to a medical

examination referred to in section 203 and Section 204 by a registered medical practitioner failing which he **<u>shall be released from custody</u>**.

(2) **<u>A police officer in uniform</u>** may arrest without warrant any person, who has committed an offence under this Act, if such person refuses to give his name and address.

(3) A police officer arresting without warrant the driver of a motor vehicle shall if the circumstances so require take or cause to be taken any steps he may consider proper for the temporary disposal of the vehicle.

૩) ધી મોટર વ્હીકલ એક્ટની કલમ–202 માં પોલીસ ઓફિસરને વોરંટ વગર ધરપકડ કરવાની સત્તા આપવામાં આવેલ છે પણ ધરપકડ કરવાની એકમાત્ર સત્તા હોવાનાં કારણ માત્રથી આ ગુનો કોગ્નીઝેબલ ગણાય, મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટનાં આધારે કોગ્નીઝન્સ લઈ શકે, પોલીસે કરેલ ચાર્જશીટને ફરીયાદ તરીકે ગણી શકાય વિગેરે મુદ્દાઓ બાબતે અને મોટર વ્હીકલ એકટની કલમ-185, 202 અને 203 નાં સીધા પરીપેક્ષમાં (1) મહેબુબ કોયા મોઈદી વિ.રાજ્ય, 2011 ક્રિ.લો.જ.2795, (2) પોરીન્યુ ટી.કે. વિ. સ્ટેટ ઓફ કેરાલા, ક્રિ.પ.અ.નં.1082/2011, (3) સંદિપ ઈન્દ્રવદન સાગર વિ. મહારાષ્ટ્ર રાજ્ય અને બીજા, 2013 ક્રિ.લો.જ.1147, (4) સીગ્મોન ઉર્ફે પ્રકાશ વિ. કેરેલા રાજ્ય 2014 ક્રિ.લો.જ.4657, (5) રાની શશાંક દોષી વિ. મહારાષ્ટ્ર રાજ્ય (ડીવીઝન બેન્ચ) (2014) 1 બીઓએમસીઆર (ક્રાઇમ) 339, (6) પબ્લિલ પ્રોસીક્યુટર વિ. એ.વી.રમીહા 1958 ક્રિ.પ.અ.નં.702/2011, (7) પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. જોગીન્દર મલિક, 1979 ક્રિ.લો.જ.549, (8) નારાયણસિંહ વિ. રાજ્ય 1986 (1) ક્રાઇમ્સ 535 નાં ચૂકાદાઓમાં નામ. વડી અદાલતોએ ઉપસ્થિત થયેલ તમામ મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરી સ્પષ્ટ રીતે એવા ન્યાયિક અવલોકનો અને નિર્ણયો કરેલ છે કે મોટર વ્હીકલ એક્ટની કલમ-202 માં પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે બે શરતો ઉપર આધારીત છે જેવી કે (1) પોલીસ ઓફિસર યુનિફોર્મમાં હોવા જોઈએ અને ધરપકડનાં બે કલાકમાં રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશ્નર પાસે આરોપીને રજૂ કરવા ફરજીયાત છે તથા (2) યુનિફોર્મમાં સજ્જ પોલીસ ઓફિસરની હાજરીમાં આ અધિનિયમ મુજબનો ગુનો કરવામાં આવેલ હોય તો જ પોલીસ ઓફિસરને ધરપકડની સત્તા રહેલી છે. મોટર વ્હીકલ એક્ટની કલમ-202 અને 203 માં પોલીસને ધરપકડની કોઈ અનિયંત્રિત સત્તા આપવામાં આવેલ નથી. ધરપકડની આવી સત્તા સંજોગો અનુરૂપ સ્પેશ્યલ કાર્યવાહી હેતુ જ આપવામાં આવેલ છે. ધરપકડની આવી નિયંત્રિત સત્તા હોવાનાં કારણ માત્રથી જ મોટર વ્હીકલ એક્ટની કલમ-

184, 185 અને 197 મુજબનાં ગુનાઓ કોગ્નીઝેબલ બની જતા નથી. મોટર વ્હીકલ એક્ટની કલમ-185 મુજબનાં ગુના બાબતે કરવામાં આવેલી સજાની જોગવાઇ સાથે ક્રિમીનલ પ્રોસીજર કોડ, 1973 નાં શીડ્યુઅલ-1 નાં ભાગ-2 નાં ક્રમાંક નં.3 માં કરવામાં આવેલ જોગવાઇ ધ્યાને લેતા સદર ગુનો સ્પષ્ટપણે નોન-કોગ્નીઝેબલ ગુનો ગણાય અને તેથી તે બાબતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-155(2)માં કરવામાં આવેલ જોગવાઇ મુજબની પરવાનગી લીધા જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે. મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટનાં આધારે કોગ્નીઝન્સ લઇ શકે નહીં. પોલીસ દ્વારા કરવામાં આવેલ આવી ચાર્જશીટને ફરીયાદ તરીકે પણ માન્ય રાખી શકાય નહીં એવા સ્પષ્ટ રીતે ન્યાયિક અવલોકનો કરી નિર્ણયો આપવામાં આવેલ છે.

**૪)** નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા તિલકનગર ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ વિ. આંધ્રપ્રદેશ રાજ્ય, 2011 (15) એસ.સી.સી.571, કેશવલાલ ઠાકુર વિ. બિહાર રાજ્ય, 1996 (4) ક્રાઇમ્સ (સુપ્રિમકોર્ટ) 121 તેમજ નામ. હાઇકોર્ટ દ્વારા મણીચંદ વિ. રાજ્ય 1999 ક્રિ.લો.જ. (દિલ્હી) 1512, એસ. મસ્થાન વિ. પી.એસ.આર. અંજાને ચેલ્લુ, 2003 ક્રિ.લો.જ.248, અરૂણકુમાર ભાર્ગવ વિ. મધ્યપ્રદેશ રાજ્ય, 2002 ક્રિ.લો.જ.21, અવિનાશ મધુકર મુખડેકર વિ. રાજ્ય, 1983 ક્રિ.લો.જ.1833, પ્રભાકર પાંડુરંગ સાંજગીરી વિ. મહારાષ્ટ્ર રાજ્ય, 1986 (1) ક્રાઇમ્સ (બોમ્બે) 168, શિવાનંદ ગીરધર નાઇક વિ. સબ ઇન્સ્પેક્ટર પોલીસ 2000 ક્રિ.લો.જ.4776 (બોમ્બે), મનમથાગીરી વિ. ઓરીસ્સા રાજ્ય, 2002 (1) ક્રાઇમ્સ 464 નાં કેસોમાં નામ. અદાલતોએ એવા સ્પષ્ટ ન્યાયિક અવલોકનો કરેલ છે કે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-155(2)માં કરવામાં આવેલ જોગવાઇ એ ફરજીયાત સ્વરૂપની જોગવાઇ છે. આથી, આ જોગવાઇનું પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહીં. આમ છતા જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે. મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટનાં આધારે કોગ્નીઝન્સ લઇ શકે નહીં. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૫૦૭ મુજબની આ એવી ગેરકાયદેસરતાઓ છે કે જેનાથી સમગ્ર કાર્યવાહી દૂષિત બને છે.

**૫)** ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આ પ્રકારનાં ગુનાનું કોગ્નીઝન્સ લઇ પ્રોસેસ ઇશ્યુ કરવામાં આવે તો તે માન્ય ગણાય નહીં અને હકુમત વિહીન કાર્યવાહી હોય તે શરૂઆતથી જ નિરર્થક ગણાય છે અને તેથી આવી નિરર્થક કાર્યવાહી પાછળ અદાલતનો સમય વ્યર્થ કરવો ન્યાયોચિત જણાતો ન હોય ભારતીય નાગરીક સંરક્ષા સંહીતાની કલમ–૨૮૧ મુજબ આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાની કાર્યવાહી બંધ કરી ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

- ભારતીય નાગરીક સંરક્ષા સંહીતાની કલમ–૨૮૧ અન્વયે આરોપી વિરુધ્ધ મોટર વ્હીકલ એક્ટની કલમ–185 હેઠળ સજાપાત્ર ગુનાની કાર્યવાહી બંધ કરી આરોપીને ડિસ્ચાર્જ કરવાનો/છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫(૧)ની જોગવાઇ હેઠળ ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–66(1)(બી) મુજબ સજાપાત્ર ગુના અન્વયે આરોપીએ તે ગુનો કબૂલ કરેલ હોય રૂ.૧૦૦/– (રૂપિયા સો પુરા)નાં દંડની સજાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–1 ની સાદી કેદની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

- સદર ગુનાનાં કામે કબજે કરેલ મુદ્દામાલ વાહન પરત્વે વચગાળાનાં તબક્કે કોઇ હુકમ થયેલ ન હોય સદર મુદ્દામાલ વાહન તેનાં માલિકીનાં પુરાવાની યોગ્ય ખરાઇ કરી તેને પરત કરવાનો આથી સંબંધિત પો.સ્ટે.નાં જવાબદાર અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે અને સદર હુકમની અમલવારી થયા બાદ દિન–10 માં તે સંબંધે અત્રેની અદાલતને રીપોર્ટ કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

- સમય મર્યાદાની જોગવાઇઓને આધિન રહી અધિકૃત ઓથોરીટી આરોપી વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–300(5) મુજબ ફરી કેસ દાખલ કરી શકશે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રરીયલ સીટીંગમાં તા.૧૪મી, માહે: માર્ચ, સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(દિપાલી દીનેશચંદ્ર શાહ)
બીજા અધિક જ્યુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
રાજકોટ. જજ કોડ નં.જીજે.૦૧૫૫૧

**ફોજદારી દંડની રકમ રૂા.૧૦૦/– અંકે રુપીયા સો પુરા**
**દંડની પહોંચ નં.............. તા.    /    /૨૦૨૬થી**
**વસુલ લીધી.**

**સુપ્રી./નાઝીર**
**ચીફ જયુ.મેજી. કોર્ટ,**
**રાજકોટ.**